મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૧-૦૫-૨૦૨૫
બુધવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૭
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## 'ધરોઈ - એડવેન્ચર ફેસ્ટ' એ માત્ર એક ઉત્સવ નહીં, પણ કુદરતી વાતાવરણમાં સાહસ, સંસ્કૃતિ અને યાદગાર અનુભવનો અનોખો મેળો છે

# મહેસાણાના ધરોઈ ડેમ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તા.૨૩ મેના રોજ દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ એવા 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નું ઉદ્ઘાટન કરાશે

**'એડવેન્ચર ફેસ્ટ'માં જમીન, પાણી અને આકાશમાં રોમાંચક અનુભવો સાથેની ૧૦થી વધુ એક્ટિવિટીઝ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન**

**પ્રવાસીઓ માટે અતિઆધુનિક AC ટેન્ટ સિટી જેવી કે દરબારી ટેન્ટ, પ્રીમિયમ ટેન્ટ, ડિલક્સ ટેન્ટ સહિતના કુલ ૨૧ ટેન્ટ અને અંદાજિત ૧૦૦થી વધુ બેડની છઝ ડોર્મિટરીની સુવિધા**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકામાં આવેલા પ્રસિદ્ધ ધરોઈ ડેમ ખાતે દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ એવા 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નું તા. ૨૩ મે, ૨૦૨૫ના રોજ સવારે ૯:૩૦ કલાકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે. ગુજરાત પ્રવાસન વિભાગ અને એડવેન્ચર ટૂર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા-ATOAI દ્વારા ધરોઈ ખાતે સૌપ્રથમવાર આયોજિત આ 'એડ્વેન્ચર ફેસ્ટ'માં જમીન, પાણી અને આકાશમાં રોમાંચક અનુભવો સાથેની ૧૦થી વધુ એક્ટિવિટીઝ, રહેવા માટે અતિઆધુનિક સુવિધાઓયુક્ત AC ટેન્ટ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ' વિશે વિગતો આપતા પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, જમીન પર રોક ક્લાઈમ્બિંગ અને બોલ્ડરિંગ, ટ્રેકિંગ અને હાઈકિંગ ટ્રેલ્સ, માઉન્ટેન બાઈકિંગ, સાઈકલિંગ, કેમ્પિન્ગ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

**ટેન્ટ સિટી ખાતે રહેવા માટે ભાવપત્રક (જીએસટી અલગથી ચૂકવવાનો રહેશે)**

| ક્રમ | કેટેગરી | ૧-રાત્રિ/૨-દિવસ (રૂપિયા) | એક્સ્ટ્રા વ્યક્તિ (રૂપિયા) | ૨-રાત્રિ/૩-દિવસ (રૂપિયા) | એક્સ્ટ્રા વ્યક્તિ (રૂપિયા) |
|---|---|---|---|---|---|
| ૧ | રજવાડી સ્યૂટ (બે વ્યક્તિ) | ૭,૦૦૦ | ૧,૦૦૦ | ૧૩,૦૦૦ | ૨,૦૦૦ |
| ૨ | પ્રીમિયમ ટેન્ટ (બે વ્યક્તિ) | ૫,૫૦૦ | ૧,૦૦૦ | ૯,૦૦૦ | ૧,૮૦૦ |
| ૩ | ડિલક્સ એસી સ્વિસ કોટેજ (બે વ્યક્તિ) | ૪,૦૦૦ | ૧,૦૦૦ | ૬,૦૦૦ | ૧,૨૦૦ |
| ૪ | પ્રીમિયમ ડોરમેટરી | ૭૦૦ | - | ૧,૩૦૦ | - |
| ૫ | એસી હેંગર ડોરમેટરી | ૩૫૦ | - | ૬૦૦ | - |


આ ફેસ્ટમાં વિવિધ આકર્ષણો જેવા કે પાણીમાં પાવર બોટ અને પેરાસેઈલિંગ જેવી એક્ટિવિટીઝ જોવા મળશે. તેવી જ રીતે હવાઈ પ્રવૃત્તિમાં પેરામોટરિંગ તેમજ

મંત્રીશ્રી મુળુભાઈએ કહ્યું હતું કે, આ ફેસ્ટમાં ધરોઈ આવતા પ્રવાસીઓને એક યાદગાર અનુભવ મળે તે માટે સ્ટાર ગેઝિંગ અને ખગોળશાસ્ત્ર શિબિર, નેચર વોક અને ફોટોગ્રાફી ટૂર ઉપરાંત મનોરંજન માટે દરરોજ સાંજે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત પ્રવાસીઓના ઉત્તમ રહેઠાણ માટે અતિઆધુનિક છઝ ટેન્ટ સિટી જેમાં વિવિધ કેટેગરી જેવી કે દરબારી ટેન્ટ, પ્રીમિયમ ટેન્ટ, ડિલક્સ ટેન્ટ સહિતના કુલ ૨૧ ટેન્ટ અને અંદાજિત ૧૦૦થી વધુ બેડની છઝ ડોર્મિટરી તેમજ જમવા માટે આધુનિક ડાઈનિંગ હૉલની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

આ એડવેન્ચર ફેસ્ટમાં તાત્કાલીક આરોગ્ય સુવિધાઓ, સર્ટિફાઈડ રાઈડ, આગ સામે સુરક્ષાના પગલાં વગેરે વિવિધ સુરક્ષા સંબંધિત બાબતોને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

'ધરોઈ - એડવેન્ચર ફેસ્ટ' એ માત્ર એક ઉત્સવ નહીં, પણ કુદરતી વાતાવરણમાં સાહસ, સંસ્કૃતિ અને યાદગાર અનુભવનો અનોખો મેળો છે. આ વેકેશન દરમિયાન તમારા પરિવાર અને મિત્રો સાથે ધરોઈની મુલાકાત લઈને એક રોમાંચક અને યાદગાર અનુભવ માણવા માટે પ્રવાસન મંત્રીશ્રીએ સર્વે પ્રવાસીઓને આમંત્રિત કર્યા છે. આ ઉપરાંત 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'માં બુકિંગ અને વધુ વિગતો www. guja®atourism. com, www. dharoiadventurefest. com અને www. bokomyshow. com વેબસાઈટ પરથી મેળવી શકાશે, તેમ પ્રવાસન વિભાગની યાદીમાં જણાવ્યું છે.રજવાડી સ્યૂટ, પ્રીમિયમ ટેન્ટ અને ડિલકસ એસી સ્વિસ કોટેજના પેકેજમાં સવારનો નાસ્તો, બપોરનું ભોજન, બપોરે ચા-નાસ્તો અને રાત્રિ ભોજન આપવામાં આવશે.



## રાજ્યપાલે શોક સંતૃપ્ત પરિવારજનોને સાંત્વના પાઠવી સંવેદના વ્યક્ત કરી

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ મંત્રી ઋષિકેશ પટેલના સ્વર્ગસ્થ માતૃશ્રી કમળાબેનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી

(ગરવી તાકાત) મહેસણા તા.૨૦

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગત ૧૭ મેના રોજ અવસાન પામેલા આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના માતૃશ્રી કમળાબહેન પટેલને તેમના નિવાસ સ્થાને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ શોક સંતૃપ્ત પરિજનોને સાંત્વના પાઠવી સંવેદના વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રીએ આરોગ્યમંત્રીશ્રીના સ્વર્ગસ્થ માતૃશ્રી કમળાબહેનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.



રાજ્યપાલશ્રીની સાથે જિલ્લા કલેકટરશ્રી એસ.કે.પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીન, જિલ્લા પોલીસ અધિક્ષક તરુણ દુગ્ગલ સહિત સ્થાનિક અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી આ દુ:ખની ઘડીમાં સહભાગી બન્યા હતા.

## આ ઘટનાએ મુખ્યમંત્રીના કાર્યક્રમમાં સુરક્ષા વ્યવસ્થા સામે પ્રશ્નો ઉભા કર્યા છે

# વિસનગરમાં મુખ્યમંત્રીના હસ્તે યોજાયેલ લોકાર્પણ કાર્યક્રમ બાદ જમણવારમાં ત્રણ મહિલાઓના ગળામાંથી સોનાના દોરા ચોરાયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

વિસનગરના એપીએમસી ગ્રાઉન્ડ ખાતે સોમવારે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે યોજાયેલા લોકાર્પણ કાર્યક્રમ બાદના જમણવારમાં ત્રણ મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચોરી થઈ છે.

હેરિટેજ સોસાયટીના ૭૫ વર્ષીય શારદાબેન પટેલ તેમના મહિલા મંડળ સાથે કાર્યક્રમમાં હાજર હતા. સભા પૂર્ણ થયા બાદ સવારે ૧૧:૩૦ વાગ્યે છાશ પીવા ગયેલા



**ત્રણેય મહિલાઓએ વિસનગર શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.**

શારદાબેનના ગળામાંથી બે લાખ રૂપિયાની કિંમતનો સોનાનો દોરો ગાયબ થયો. ભીડનો લાભ લઈને અજાણ્યા શખ્સે આ ચોરી કરી હતી.

આ ઉપરાંત ઘાઘરેટ ગામના અલકાબેન પટેલના ગળામાંથી એક લાખનો અને હંસાબેન ઠાકોરના ગળામાંથી ૬૦ હજાર રૂપિયાની કિંમતનો સોનાનો દોરો પણ ચોરાયો હતો. ત્રણેય મહિલાઓએ વિસનગર શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ કાર્યક્રમમાં સુરક્ષા વ્યવસ્થા સામે પ્રશ્નો ઉભા કર્યા છે.

## કલોલની મહિલા અને ખોરજના શખ્સ સામે પોલીસે ગુનો દાખલ કર્યો

# એસએમસીની ટીમે વડનગરના બાદપુર પાસેથી સવા સાત કિલો ગાંજા સાથે એક શખ્સને દબોચ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે વડનગરના બાદરપુર પાસેથી સવા સાત કિલો ગાંજા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. આરોપી બાબુશા હુસેનશા ફકિર વીસનગરનો રહેવાસી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ગાંજો રાજસ્થાનના શહીદ મહમંદ રફિક શેખ પાસેથી મંગાવવામાં આવ્યો હતો. બાબુશા સતલાસણાથી હડોળ ગામે ગાંજાની ડિલીવરી લેવા ગયો હતો. ત્યાં એક ઈકો કારમાંથી તેને ગાંજાનો જથ્થો મળ્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ગાંજો કલોલના સિંદબાદ હોટલ પાસે રહેતી લાલી નામની



મહિલા અને ખોરજના શબ્બીર દિલાવરખાન પઠાણને સપ્લાય કરવાનો હતો. પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. મહત્વપૂર્ણ છે કે બાબુશા અગાઉ ડભોઈ પાસે ગાંજાના કેસમાં પકડાયો હતો. ત્રણ વર્ષની જેલની સજા ભોગવીને તાજેતરમાં જ મુક્ત થયો હતો. લાલી નામની મહિલા પણ અગાઉ માદક પદાર્થના વેચાણના કેસમાં સંડોવાયેલી છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## આરોપી વિરૂદ્ધ પોક્સ હેઠળ ગુનો દાખલ કરાયો

# મહેસાણામાં ૧૧ વર્ષની બાળકી સાથે શારીરીક છેડછાડના મામલે ફરિયાદ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા શહેરમાં એક ૧૧ વર્ષની બાળકી સાથે શારીરિક છેડછાડનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે મહેસાણા શહેર એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ ફરિયાદ મુજબ, સુરેશજી રાજીજી ઠાકોર નામના યુવકે આ કૃત્ય આચર્યુ છે. આરોપીએ દોઢ મહિના પહેલા બાળકીને તેના ફ્લેટના પાર્કિંગમાં રિક્ષામાં બેસાડીને શારીરિક અડપલા કર્યા હતા.

આરોપી સગીરાનો સ્કૂલે જતી વખતે પીછો કરતો હતો. એક મહિના અગાઉ તેણે બાળકીને પોતાનો મોબાઈલ નંબર આપ્યો હતો અને ફોન કરવા દબાણ કર્યું હતું. જો ફોન



નહીં કરે તો તેને મારી નાખવાની અને પોતે આત્મહત્યા કરવાની ધમકી આપતો હતો. બાળકીની માતાને આ ઘટનાની જાણ થતાં તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આરોપી વિરુદ્ધ કલમ ૭૫(૨), ૭૮(૨), ૩૫૧(૨) તેમજ પોક્સો એક્ટની કલમ ૮ અને ૧૨ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## મંદિરમાં પૂજા- અર્ચના કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો

# ઊંઝા શ્રી ઉમિયા માતાજીના મંદિરે ભાજપ પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ ડૉ. દીપીકાબેન સરવાડાએ દર્શન કર્યા



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

ઊંઝા ખાતે આવેલા કડવા પાટીદાર સમાજના કુળદેવી શ્રી ઉમિયા માતાજીના મંદિરે ભાજપ પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ ડો. દિપીકાબેન સરડવાએ દર્શન કર્યા હતા.

તેમણે મંદિરમાં પૂજા-અર્ચના કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના સ્વાગત કમિટીના ચેરમેન દશરથભાઈ બજરંગે તેમનું વિશેષ સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે મહેસાણા જિલ્લા ભાજપ મહિલા અધ્યક્ષ સીતાબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ઊંઝા તાલુકા ભાજપના પ્રમુખ હર્ષદભાઈ પટેલ અને મહામંત્રી યોગેશભાઈ પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.




# સમુદ્રમાં સૈન્ય સફળતાઓનો વિક્રમ

આ એક વિક્રમ જ છે કે આપણા નૌકાદળે ૨૪ કલાકની અંદર બે જહાજોને સમુદ્રી લૂંટારાઓથી સુરિક્ષત છોડાવ્યાં. બંને જહાજો પર ઈરાનના ઝંડા હતા. બીજા જહાજ પર તો ૧૯ પાકિસ્તાની નાગરિકો પણ સવાર હતા. આપણે આ સફળતા કૂટનીતિ અને બળપ્રયોગથી હાંસલ કરી, જે દર્શાવે છે કે સમુદ્રમાં હવે આપણે કેટલા સક્ષમ થઈ ગયા છીએ.

જોકે સમુદ્રમાં ભારતીય નૌકાદળ ક્યારેય કમજોર નથી રહ્યું. ૧૯૭૧નું યુદ્ધ કોણ ભૂલી શકે, જેમાં બાંગ્લાદેશનું નિર્માણ કરવામાં આવ્યું હતું. એ યુદ્ધમાં ભારતીય નૌકાદળે ઘણી ઉલ્લેખનીય ભૂમિકા ભજવી હતી. અસલમાં પાકિસ્તાન જ્યારે આપણને સતત પરેશાન કરતું રહ્યું, તો જનરલ માણેક શોના નેતૃત્વમાં ભારતની જળ, થળ અને વાયુસેનાએ નક્કી કર્યું કે ૩-૪ ડિસેમ્બરની રાત્રે પાકિસ્તાન પર ચોતરફી હુમલો કરવામાં આવશે. એમ માનવામાં આવ્યું કે જો આપણે પૂર્વમાં કંઈક કરીશું તો પાકિસ્તાન તેનો બદલો પશ્ચિમમાં લેશે, જે બાદમાં સાચું સાબિત થયું. તેથી આપણી રણનીતિ બની કે પાકિસ્તાનના સૌથી મોટા બંદર કરાચીને ધ્વસ્ત કરી દેવામાં આવે, કારણ કે ત્યાંથી નૌકાદળનું સંચાલન થતું હતું અને તે તેનું સૌથી મોટું વ્યાવસાયિક બંદર પણ હતું. સાથે જ પૂર્વી પાકિસ્તાનના બંદરને પણ નષ્ટ કરવાની યોજના બની, જેથી ત્યાં તેના સૈનિકોને ઘેરી લેવામાં આવે.

કરાચી પર હુમલાની મુશ્કેલી હતી. આપણી મિસાઈલ બોટ નાની હતી અને તે વધુ સમય સુધી સમુદ્રમાં રહી શકે તેમ ન હતી. તેના પર તૈનાત મિસાઈલો એક નિશ્ચિત અંતરથી જ કરાચી બંદરને નિશાન બનાવી શકે તેમ હતી. તેથી બેતરફી યોજના બની. આ મિસાઈલ બોટ મુંબઈમાં તૈનાત હતી, તો મોટાં જહાજ તેને ખેંચીને થોડે દૂર સુધી લઈ ગયાં જેથી તેનું ઇંધણ ઓછું વપરાય. બીજી યોજના અંતર્ગત કેટલીક મિસાઈલ બોટને પોરબંદર લાવવામાં આવી, જ્યાંથી ઇંધણ ભરીને તે કરાચી તરફ કૂચ કરે. ૩-૪ ડિસેમ્બરની રાત્રે આપણી ચાર મિસાઈલ બોટ આ જ યોજના અંતર્ગત પોરબંદર અને મુંબઈથી નીકળી. તમામ પર ચાર-ચાર મિસાઈલો હતી. આ તમામ જ્યારે કરાચીથી નિયત અંતરે પહોંચી, તો તેમણે તાબડતોબ હુમલો કરી દીધો. આ બધું એટલું ઝડપથી થયું કે પાકિસ્તાનને વિચારવાનો સમય પણ ન મળ્યો. તેનાથી કરાચી બંદર પર રહેલા તેલના ભંડારમાં આગ લાગી ગઈ અને ત્યાં રહેલા તમામ વ્યાવસાયિક અને જંગી જહાજો નષ્ટ થઈ ગયા. ભારતીય નૌકાદળની આ જ સફળતાને કારણે ૪ ડિસેમ્બરે નૌસેના દિવસ મનાવવામાં આવે છે.

આ તરફ પૂર્વી તટ પર વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંતને તૈનાત કરવામાં આવ્યું, જેના પર સીહોક જેવાં યુદ્ધ વિમાન તૈનાત હતાં. જ્યારે જોવામાં આવ્યું કે પૂર્વી પાકિસ્તાનનાં બંદરો પર હલચલ તેજ થઈ ગઈ છે, તો આ જહાજ પર તૈનાત વિમાનો ત્યાં જોરદાર બોમ્બમારો કર્યો, જેનાથી પાકિસ્તાની સૈનિકોનો જુસ્સો તૂટી ગયો. તેઓ કાં તો અહીંથી ભાગી છૂટ્યા અથવા તેમની જરૂરિયાતોને પૂરી કરવા માટે પશ્ચિમી પાકિસ્તાનથી કોઈ મદદ ન આવી શકી. તેણે પાકિસ્તાની કમાંડર અને ૯૩,૦૦૦ સૈનિકોને આત્મસમર્પણ માટે મજબૂર કરી દીધા. જોકે, તેના પહેલાંની એક ઘટના બહુદ દિલચસ્પ છે. પાકિસ્તાને પોતાની સબમરીન ગાઝીને પૂર્વી તટ પર તૈનાત કરી હતી, જેથી તે વિક્રાંતને ડૂબાડી શકે. પરંતુ ગાઝીને ચેતરવા માટે ભારતીય નૌકાદળે આઈએનએસ રાજપૂતનો ઉપયોગ કર્યો, જે સમુદ્રમાં સુરક્ષા કાર્યો માટે તૈનાત હતું. તે સંચાર માધ્યમોથી એ પ્રકારનો જવાબ આપતું રહ્યું, જાણે તે જ વિક્રાંત હોય. આ કારણે ગાઝી વિશાખાપટ્ટનમની આસપાસ જ ભટકતી રહી અને બાદમાં આપણા સૈનિકોને તેને પણ તોડી પાડી.

અહીં એક ઘટનાનો ઉલ્લેખ જરૂરી છે. પશ્ચિમી તટ પર આપણું યુદ્ધજહાજ આઈએનએસ ખુકરી પાકિસ્તાની હુમલાનો શિકાર થઈ ગયું. આ જહાજના કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લા પોતાના સૈનિકોનો સાથ છોડવા તૈયાર ન થયા અને વીરગતિને પ્રાપ્ત થયા. નેતૃત્વની આ ભૂમિકા માટે તેમને મરણોત્તર મહાવીર ચક્રથી પણ સન્માનિત કરવામાં આવ્યા. વાસ્તવમાં નેતૃત્વની આ ભૂમિકા ભારતીય સૈનિકોના લોહીમાં છે. આપણા જહાજ વિશાળ સમુદ્રમાં અવિરત નેતૃત્વની ભૂમિકામાં હોય છે. તેની જાણ ત્યાંના ઘટનાક્રમોથી પણ થતી રહે છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## દાહોદ બાદ બનાસકાંઠાનાં ડીસામાં લાખોનું રેન બસેરા કૌભાંડ

# રેન બસેરા બનાવ્યા વિના જ ૩૬.૫૦ લાખનાં ચુકવણાનો આક્ષેપ : તત્કાલીન ટીડીઓ-ચીફ ઓફીસર સામે તપાસનાં આદેશ છુટયા

ડીસા,તા.૨૦

દાહોદમાં મનરેગા કૌભાંડમાં મંત્રી બચુ ખાબડના બે પુત્રો અને ભાણેજ સહિત કુલ પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કૌભાંડ બાદ હવે બનાસકાંઠાના ડીસામાં રેન બસેરા કૌભાંડનો આક્ષેપ કરવામાં આવ્યો છે. રેન બસેરા બનાવ્યા વિના જ ૩૬.૫૦ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરાયો છે. જેમાં તત્કાલિન ટીડીઓ અને ચીફ ઓફિસર સામે તપાસના આદેશ આપી દેવાયા છે.



પ્રાપ્ત વિગતો પ્રમાણે દાહોદમાં સામે આવેલા મનરેગા કૌભાંડ બાદ બનાસકાંઠાના ડીસામાં રેન બસેરા કૌભાંડ થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ કૌભાંડમાં કોઈ પણ પ્રકારની કામગીરી કે રેન બસેરા બનાવ્યા વિના જ જિલ્લા આયોજન મંડળની ગ્રાન્ટ ચાંઉ કરી ગયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જેમાં ૩૬.૫૦ લાખ રૂપિયાનું ચૂકવણું પણ કરી દેવાયું હોવાનો આરોપ પણ લગાવ્યો છે.ડીસામાં તત્કાલિન તાલુકા વિકાસ અધિકારી અને ચીફ ઓફિસર સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ કરાયો છે. જિલ્લા આયોજન મંડળની ૨૦૧૯થી ૨૦૨૪ સુધીની ગ્રાન્ટ ચાંઉ કરી ગયા હોવાનો તેમની પર આરોપ લગાવવામાં આવ્યો છે.


આ આક્ષેપ બાદ તત્કાલિન તાલુકા વિકાસ અધિકારી અને ચીફ ઓફિસર સામે તપાસના આદેશ અપાયા છે. આ કૌભાંડમા રેન બસેરા બનાવ્યા વિના જ માત્ર કાગળ ઉપર જ કામ દર્શાવી રૂ?૬.૫૦ લાખ ચુકવી દીધાનાં આક્ષેપથી ચકચાર જાગી છે.

## ૫-૭ ને બાદ કરતા કોંગ્રેસના તમામ શહેર - જીલ્લા પ્રમુખ બદલાશે

# કોંગ્રેસ નવસર્જનની કવાયત આખરી તબક્કામાં : ૮-૧૦ દિવસમાં નામો જાહેર થવાનો નિર્દેશ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૦

ગુજરાત કોંગ્રેસનો કાયાકલ્પ કરવાની કવાયત જોરશોરથી આગળ ધપી જ રહી છે અને મોટાભાગે આવતા સપ્તાહમાં સંગઠનના ફેરફારો જાહેર થઈ જવાના સંકેત છે. રાજયનાં ૪૧ માંથી માંડ પાંચ-સાત શહેર-જીલ્લા પ્રમુખોને જ રીપીટ થશે અને બાકીનાં તમામ બદલાશે.



કોંગ્રેસનાં માહિતગાર સુત્રોએ કહ્યું કે પાર્ટી નેતા રાહુલ ગાંધીએ ગુજરાતથી કોંગ્રેસના કાયાકલ્પનો પ્રોજેકટ ઘડયો છે અને ત્યારબાદ સમગ્ર દેશનાં રાજયોમાં લાગુ કરવામાં આવનાર છે. આ પાયલોટ પ્રોજેકટ પાછળ સંગઠનમાં ધડમુળથી ફેરફાર તથા લોકોની વચ્ચે રહેતા તથા મતદારોથી પરિચીત નેતાઓને જ હોદ્દા સોંપવાના માપદંડ નકકી કરાયા હતા.

આ કવાયતનાં પ્રારંભ પૂર્વે જ રાહુલ ગાંધી બે વખત ગુજરાત આવી ગયા હતા. નેતાઓના કલાસ લીધા હતા અને સંગઠન નવરચના રાષ્ટ્રીય મોવડી મંડળ હસ્તક લઈ લીધી હતી. ૩૧ મે સુધીમાં સમગ્ર સંગઠન નવરચના પૂર્ણ કરવાનું જાહેર કર્યુ હતું.

સુત્રોએ ઉમેર્યુ કે સંગઠન નવરચના માટે રાષ્ટ્રીય નિરિક્ષકોને નિમવામાં આવ્યા હતા. તમામે રૂબરૂ શહેર જીલ્લામાં માત્ર કોંગ્રેસ આગેવાનો-કાર્યકરોના જ નહીં પરંતુ ખાનગી રીતે મતદારોના મંતવ્યો પણ મંગાવ્યા હતા અને તેના આધારે સંભવિત નામોની પેનલ તૈયાર કરીને મોવડીમંડળને સુપરત કરી હતી. સમગ્ર કવાયત ખુદ મોવડીઓ જ સંભાળી રહ્યા છે.

કે.સી.વેણુગોપાલ તથા ગુજરાતનાં પ્રભારી મુકુલ વાસનીક સતત મંત્રણામાં ગુંથાયેલા છે. ઉપરાંત જરૂર મુજબ પ્રદેશ નેતાઓ તથા સંભવિત હોદેદારોને પણ રૂબરૂ તેડાવીને મીટીંગ કરવામાં આવી રહી છે.

સંગઠન નવરચનાની પ્રક્રિયા હવે ફાઈનલ સ્ટેજ પર છે અને આવતા આઠ-દસ દિવસમાં જાહેરાત કરી દેવાશે. સુત્રોના કહેવા પ્રમાણે શહેર-જીલ્લાના કુલ ૪૧ પ્રમુખો છે તેમાંથી ૫-૭ ને બાદ કરતા નવા ચહેરા આવશે.માત્ર પાંચ-સાત જ રીપીટ થવાની સંભાવના છે.

મહત્વની વાત એ છે કે સંપૂર્ણ પારદર્શક રીતે પ્રક્રિયા થતી હોવાના કારણે કોઈ આગેવાનો લોબીંગ કરવાની પણ હિંમત કરતા નથી. યુવા તથા સક્રિય કાર્યકરો-આગેવાનોને ખાસ જવાબદારી સોંપવામાં આવી શકે છે.

ગુજરાતમાં કોંગ્રેસ છેલ્લા ત્રણ દાયકાથી સતાની બહાર છે.અન્ય રાજયોની વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસનું પરફોર્મન્સ વધુને વધુ ખરાબ થઈ રહ્યું છે તેવા સમયે પાર્ટીને બેઠી કરવા નેતાગીરીએ બીડુ ઝડપ્યુ છે. સંગઠનની તાકાત થકી જ જીત મેળવી શકાય તેમ હોવાનાં આત્મમંથન સાથે કવાયત શરૂ કરવાનો નિર્ણય લીધો હતો અને ગુજરાતથી તેનો પ્રારંભ કરાવાયો છે.

**જુનમાં રાહુલ ગાંધી ફરી ગુજરાતની મુલાકાતે આવશે**

કોંગ્રેસના સુત્રોએ કહ્યું કે ગુજરાતમાં માસાંત સુધીમાં સંગઠન નવરચનાની કવાયત પૂર્ણ કરી લેવામાં આવનાર છે. ત્યારબાદ આવતા મહિને જુનમાં રાહુલ ગાંધી ફરી ગુજરાતની મુલાકાતે આવે તેવી શકયતા છે. નવનિયુકત હોદેદારોને માર્ગદર્શન આપવાની સાથોસાથ કામગીરીનો એજન્ડા નિર્ધારીત કરે તેવા સંકેત છે.

# સુરતમાં યુવતી પર ગેગંરેપ : ભારતીય જનતા પાર્ટીનો મહામંત્રી માદક પીણું પીવડાવી યુવતીને કારમાં લઈ ગયો, મિત્ર સાથે મળી દુષ્કર્મ આચર્યુ

સુરત,તા.૨૦

સુરતમાં ગેગંરેપની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં ભાજપનો મહામંત્રી યુવતીને માદક પીણુ પીવડાવી કારમાં હોટેલમાં લઈ ગયો હતો.



બાદમાં મિત્ર સાથે યુવતી પર દુષ્કર્મ આચર્યું હોવાનું બહાર આવ્યું છે. આ બનાવની વિગત મુજબ ભાજપના વોર્ડનો મહામંત્રી આદિત્ય ઉપાધ્યાય ૨૩ વર્ષીય યુવતીને માદક પીણું પીવડાવી અર્ધબેભાન હાલતમાં કારમાં જહાંગીરપુરાની એક હોટલમાં લઈ ગયો હતો. અહીં પહેલેથી આદિત્યનો મિત્ર ગૌરવસિંહ રાજપૂત હાજર હતો. બાદમાં બન્નેએ યુવતી પર વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું. ભાનમાં આવ્યા બાદ યુવતીએ તરત પોલીસનો સંપર્ક કર્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બન્ને સામે ગુનો દાખલ કરી ધરપકડ કરી છે. ઘટનાની જાણ થતાં ભારતીય જનતા પાર્ટી દ્વારા આરોપી આદિત્ય ઉપાધ્યાયને વોર્ડના મહામંત્રીપદેથી તાત્કાલિક સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, સુરતના વેડરોડની રહેવાસી ૨૩ વર્ષીય યુવતી રોજિંદાની જેમ બજારમાં ગઈ હતી. ત્યારે ત્યાં તેના ઓળખીતા યુવક આદિત્ય ઉપાધ્યાય સાથે મુલાકાત થઈ હતી. આદિત્ય ઉપાધ્યાય ભાજપના વોર્ડ નંબર ૮નો મહામંત્રી તરીકે કાર્યરત હતો. તેણે યુવતીને વાતચીતના બહાને પોતાની કારમાં બેસાડીને બહાર લઈ ગયો હતો.હોટલમાં આદિત્યનો મિત્ર પણ હાજર હતો. બાદમાં આદિત્યએ તેણે કારમાં કેફી પીણું પીવડાવ્યું હતું, જેથી થોડી ક્ષણોમાં જ યુવતી અર્ધબેભાન થઈ ગઈ હતી.

આદિત્ય ઉપાધ્યાય પછી યુવતીને જહાંગીરપુરાની એક હોટલમાં લઈ ગયો હતો, જ્યાં તેનો એક મિત્ર ગૌરવસિંહ રાજપૂત પણ હાજર હતો. અહીં બંને આરોપીએ હોટલના રૂમમાં યુવતી પર વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું.

ઘટનાની બીભત્સતા એ હતી કે દુષ્કર્મ બાદ આરોપીઓએ યુવતીને ફરી કારમાં બેસાડીને તેના ઘર નજીક છોડી દીધી હતી, જોકે ભાનમાં આવ્યા બાદ યુવતીએ તરત પોલીસનો સંપર્ક કર્યો હતો અને સમગ્ર ઘટનાની વિગતો આપી હતી. સુરત પોલીસે ગંભીરતાપૂર્વક તપાસ ચલાવી આરોપી આદિત્ય ઉપાધ્યાય અને તેના મિત્ર ગૌરવસિંહ રાજપૂતને ઝડપી લીધા છે. બંને સામે સખત કલમો હેઠળ ગુનો નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સમગ્ર કેસમાં ખાસ ધ્યાન ખેંચનાર મુદ્દો એ છે કે મુખ્ય આરોપી આદિત્ય ઉપાધ્યાય સ્થાનિક ભાજપમાં વોર્ડ નં. ૮ના મહામંત્રી તરીકે કાર્યરત હતો. જ્યારે સમગ્ર મામલો બહાર આવ્યો ત્યારે સુરતમાં ભારે ચર્ચા થવા લાગતાં ભાજપ સુરત શહેર પ્રમુખ પરેશ પટેલે તરત જ પગલાં લેતાં આદિત્ય ઉપાધ્યાયને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધો છે.હાલ સુરત પોલીસ દ્વારા હોટલના સીસીટીવી ફૂટેજ, કારની વિગત, કોલ રેકોર્ડ અને યુવતીનાં નિવેદનોના આધારે વધુ તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. આરોપીઓ રિમાન્ડ મેળવવામાં આવશે, જેથી વધુ ખુલાસા થાય એવી શક્યતા છે.

## રદિયો

**બિજલબેન વિસાભાઈ સુથાર (પાટણ) દ્વારા તેમની સાવકી માતાને ખોટી રીતે બદનામ કરવામાં આવી રહી છે!**

**'ગરવી તાકાત' દૈનિકના તા.૧૭-૦૫-૨૦૨૫ને શનિવારના રોજ 'ઘર ગૃહસ્થી સંભાળતા બિજલબેન પીએચડીની પદવી મેળવી પોતાને ડોક્ટર બનવાનું સ્વપ્ન સાકાર કર્યું' ના નેજા હેઠળ સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. જેમાં અમોને તેમના દ્વારા મળેલ પ્રેસનોટમાં જણાવ્યા મુજબ બિજલ સુથારની માતા નાનપણમાં જ મૃત્યુ પામ્યા હતા અને સાવકી માતાના સતત અત્યાચારો વચ્ચે ધો.૧૨નો અભ્યાસ માંડ માંડ પૂરો કર્યો ત્યાં તો સાવકી માતાએ વધુ અભ્યાસ પર રોક લગાવી ને તેમના દબાણના કારણે પિતાએ તેમના લગ્ન નાની ઉંમરમાં જ કરી દીધા હતા.**

**પરંતુ બિજલબેનના ભાઈ ભદ્રેશકુમાર સુથારના જણાવ્યા મુજબ તેમની સાવકી માતા દ્વારા બિજલબેન સુથાર સાથે આવુ કોઈ જાતનુ ખરાબ વર્તન કરવામાં આવતુ ન હતુ કે તેમના વધુ અભ્યાસ અંગે પણ રોક લગાવવામાં આવેલ નથી. બિજલ સુથારે આપેલી માહિતી મુજબ અમે અમારા અખબારમાં સમાચાર પ્રસિદ્ધ કર્યા હતા. જેમાં અખબારના તંત્રીને કાંઈ લેવા દેવા નથી.**

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ.લ.ઈ.)** સ્વાસ્થ્ય બાબતે સાચવીને કામ કરવું તેમજ ખોટા નિર્ણયો નુકસાન કરાવશે અને નાણાકીય વ્યવહારમાં સાચવવું, પરિવારના કામમાં ધ્યાન આપવું

**વૃષભ (બ.વ.ઉ.)** સંતાનના સ્વાસ્થ્યમાં કાળજી રાખવી તેમજ કામકાજમાં અપજશથી બચવું અને આવકના પ્રમાણમાં જાવક વધશે, કોઈપણ કામમાં બંધાયેલા રહેશો

**મિથુન (ક.છ.ઘ.)** આકસ્મિક ધનલાભના યોગો જણાય છે તેમજ લાંબા રોકાણ માટે સમય સાચવવા જેવો છે અને પરિવારનો ભરપૂર સહયોગ મળશે, મહેનતના પ્રમાણમાં સામાન્ય ફળ મળશે

**કર્ક (ડ.હ.)** વડીલોના આશીર્વાદથી લાભ થશે તેમજ કોઈ નજીકના સંબંધીથી સહયોગ મળશે અને ધંધામાં સારી આવક પ્રાપ્ત થશે તેમજ વાહનના યોગ સારા બને છે

**સિંહ (મ.ટ)** ભાગ્યોદય માટે ઉજળી તક મળશે અને નિર્ણયો સમજી-વિચારીને લેવા અને મિત્રો સાથે થોડો મતભેદ જણાશે, મુસાફરીના યોગ જણાય છે

**કન્યા (પ.ઠ.ણ.)** આરોગ્ય બાબતે સાચવવું તેમજ પ્રતિસ્પર્ધીથી સાવધાન રહેવું અને કોઈપણ રોકાણોમાં કાળજી રાખવી તેમજ નોકરીયાતને કામમાં મહેનત વધશે

**તુલા (ર.ત.)** ભાગીદારીવાળા કામથી લાભ થશે અને ધંધાકીય વ્યવહારોમાં લાભ થશે તેમજ દામ્પત્ય જીવનમાં ચણભણ રહેશે અને લેવડ-દેવડમાં કાળજીથી કામ લેવુ

**વૃશ્ચિક (ન.ય.)** રોગ અને શત્રુ તરફથી સાવધાન રહેવું તેમજ શેરબજારમાં સારો લાભ થશે અને વ્યવસાયમાં નવા કોન્ટ્રાક્ટ મળશે તેમજ યાત્રા-પ્રવાસના યોગ બને છે

**ધન (ભ.ધ.ફ.ઢ.)** બૌદ્ધિકોને મહેનતનું પરિણામ મળશે તેમજ વ્યવસાયમાં નવી તકો મળશે અને સમય આપને અનુકૂળ બનશે અને કામની કદર થાય, માન વધે

**મકર (ખ.જ.)** માતાની સેવાથી લાભ થાય તેમજ પરિવાર સાથે પ્રેમ કેળવાય અને સારા કામમાં યાત્રાનું આયોજન થાય તેમજ ખોટા ખર્ચમાં વધારો થશે

**કુંભ (ગ.શ.સ.ષ.)** ઘરમાં વડીલોથી ઉત્તમ લાભ થશે તેમજ સંપત્તિને લગતા કાર્યોમાં સહયોગ મળશે અને વ્યવસાયમાં સામાન્ય સમસ્યાઓ રહેશે તેમજ કરેલી મહેનત સારું ફળ આપશે

**મીન (દ.ચ.ઝ.થ.)** ધનનું સારું સુખ મળશે તેમજ પરિવારમાં તણાવ રહેશે અને નાના-મોટા રોકાણમાં લાભ થશે, જમીનને લગતા કામમાં ફાયદો થશે

## ફિલ્મી ગપશપ

### હેરાફેરી-૩નો વિવાદ હવે 'કાનુની'

# અક્ષય કુમારે પરેશ રાવલને આપી કાનૂની નોટિસ : ફિલ્મ હેરાફેરીને નુકશાન પહોંચાડવા બદલ કર્યો ૨૫ કરોડનો દાવો

**હેરાફેરી - ૩ સાઈન કરી, શૂટિંગ શરૂ કર્યા બાદ એકાએક સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી ફિલ્મ છોડવાની જાહેરાત કરી : પ્રોડ્યુસર કેઈપ ઓફ ગુડ ફિલ્મ્સ દ્વારા કેસ દાખલ**

મુંબઈ : હેરાફેરી ૩ માંથી પરેશ રાવલના એકાએક ફિલ્મ છોડવાના નિર્ણય બાદ, ચાહકોમાં નિરાશા ફેલાતા, અભિનેતા અક્ષય કુમારે પરેશ રાવલ પર ૨૫ કરોડનો દાવો માંડ્યો.

એક ચોંકાવનારા ઘટનાક્રમમાં, અભિનેતા અક્ષય કુમારે તેમના પ્રોડક્શન હાઉસ, કેપ ઓફ ગુડ ફિલ્મ્સ દ્વારા, અભિનેતા પરેશ રાવલને ૨૫ કરોડના નુકસાનનો દાવો કરતી કાનૂની નોટિસ મોકલી છે, જેમાં તેમણે ઘોર બિનવ્યાવસાયિક વર્તન બદલ અને કાનૂની કરાર પર હસ્તાક્ષર કર્યા પછી અને ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યા પછી ફિલ્મ હેરા ફેરી ૩ છોડી દેવા બદલ ૨૫ કરોડના નુકસાનનો દાવો કર્યો છે.

પરેશે ગયા અઠવાડિયે મીડિયા દ્વારા પુષ્ટિ આપી હતી કે તે કલ્ટ કોમેડી છોડી રહ્યો છે. કારણ સ્પષ્ટ ન હતું, પરંતુ અમને જાણવા મળ્યું છે કે તે હાલમાં ફિલ્મનો ભાગ બનવાનું 'મન' કરતો નથી. આનાથી હેરાફેરી ફ્રેન્ચાઈઝના લાખો ચાહકોમાં નિરાશા ફેલાઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, ફિલ્મના મુખ્ય કલાકારો - અક્ષય, સુનીલ શેટ્ટી અને પરેશે આ વર્ષે એપ્રિલમાં અનુભવી દિગ્દર્શક પ્રિયદર્શન હેઠળ ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યું હતું. અક્ષય હેરા ફેરી ૩ ના નિર્માતા પણ છે, જેમણે નિર્માતા ફિરોઝ નડિયાદવાલા પાસેથી કાયદેસર રીતે તેના અધિકારો ખરીદ્યા હતા.

તેમના અચાનક વિદાયના કારણ અંગેના અહેવાલો સામે આવ્યા પછી, રાવલે સ્પષ્ટતા કરી હતી કે સર્જનાત્મક મતભેદો કે પૈસા તેમના નિર્ણયનું કારણ નથી. સૂત્રો સૂચવે છે કે રાવલને આ માટે તેમની સામાન્ય ફી કરતાં ત્રણ ગણી વધુ ચૂકવણી કરવામાં આવી રહી હતી.

×પરેશ વ્યાવસાયિક પ્રામાણિકતા અથવા વ્યાપારી નૈતિકતા પ્રત્યે સ્પષ્ટ અવગણના કરે છે. જો તે ફિલ્મ ન કરવા માંગતો હોય, તો તેણે કાનૂની કરાર પર હસ્તાક્ષર કરતા પહેલા, હસ્તાક્ષરની રકમ સ્વીકારતા પહેલા અને નિર્માતાને શૂટિંગ પર આટલા પૈસા ખર્ચવા માટે મજબૂર કરતા પહેલા આમ કહેવું જોઈતું હતું,× આ મામલામાં કાનૂની કાર્યવાહીથી પરિચિત એક સૂત્રએ જણાવ્યું.'બોલિવૂડના કલાકારોએ એ સમજવાનો સમય આવી ગયો છે કે હોલીવુડની જેમ, અહીંના નિર્માતાઓ પણ હવે કોઈ અભિનેતાની ઈચ્છા મુજબ ફિલ્મમાં આવવા-વા માટે તૈયાર નહીં રહે,'સૂત્ર ઉમેરે છે.

ઉલ્લેખનીય છે કે, અક્ષય કુમારના ૩૫ વર્ષના લાંબા કરિયરમાં આ પહેલી વાર છે જ્યારે તેણે ઉદ્યોગના કોઈ સાથી અભિનેતા પર બિનવ્યાવસાયિક વર્તન બદલ દાવો માંડ્યો છે.

પરેશ, પોતાની ઈચ્છા પર ફિલ્મો છોડી દેવા માટે નવા નથી. તેમણે ૨૦૨૩ માં ઓહ માય ગોડ ૨ ફિલ્મ કરવાની ના પાડી દીધી હતી કારણ કે તેમને સ્ક્રિપ્ટ પસંદ નથી. ૨૦૦૯ ની શરૂઆતમાં, તેમણે શાહરૂખ ખાનની બિલ્લુ બાર્બરમાં કામ કર્યા પછી ફિલ્મ છોડી દીધી હોવાનું કહેવાય છે. તે ફિલ્મનું દિગ્દર્શન પણ આકસ્મિક રીતે પ્રિયદર્શન દ્વારા કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન મોદી તા.૨૬ - ૨૭ ગુજરાતમાં : CM ભુપેન્દ્ર પટેલ તે પૂર્વે તા.૨૪ - ૨૫ દિલ્હી જશે

# વડાપ્રધાન નલીયા એરબેઝ - આશાપુરા માતાજીના મંદિરે દર્શન અને દાહોદમાં રેલવે સુવિધાનું લોકાર્પણ



(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૦

ગુજરાતમાં હવે આ સપ્તાહના અંત અને આગામી સપ્તાહના પ્રારંભે જબરી રાજકીય હિલચાલ જોવા મળશે. મુખ્યમંત્રી તા.૨૪-૨૫ મે ના રોજ દિલ્હી જઈ રહ્યા છે અને તા.૨૬-૨૭ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગુજરાત આવી રહ્યા છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તા.૧૯ના દિલ્હીમાં મળનારી નીતિ આયોગની બેઠકમાં હાજરી આપશે. ઓપરેશન સિંદુર બાદ દેશભરના તમામ રાજયોના મુખ્યમંત્રીઓ તથા કેન્દ્ર શાસનના પ્રદેશોના લેફ. ગર્વમેન્ટ પણ આ બેઠકમાં હાજરી આપશે.

તા.૨૫ના દિલ્હીમાં એનડીએ શાસનના તમામ રાજયોના મુખ્યમંત્રીઓ- નાયબ મુખ્યમંત્રીઓની એક બેઠક યોજવામાં આવી છે. જેમાં ઓપરેશન સિંદુર બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપતો પ્રસ્તાવ પણ પસાર કરાશે. આ બેઠક બાદ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ ગાંધીનગર પરત ફરશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી બાદમાં તા.૨૬ના રોજ દિલ્હીથી સીધા નલીયા પહોંચે તેવી ધારણા છે. તેઓ અહી એરફોર્સ બેઝ પર સેનાના જવાનોને મળશે. શ્રી મોદી ઓપરેશન સિંદુર બાદ પંજાબના આદમપુર એરબેઝ પર ગયા હતા.

જો સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંઘ હાલમાંજ ભૂજના સૈન્ય મથક પર બે દિવસ રોકાયા અને કાલે સૈન્યની ત્રણેય પાંખના વડા પણ કચ્છની મુલાકાતે ગયા બાદમાં શ્રી મોદીની મુલાકાત મહત્વની ગણવામાં આવે છે.

શ્રી મોદી આશાપુરામઢ ખાતે દર્શનાર્થે જશે અને અહી લોકોને સંબોધીત કરે તેવી શકયતા છે. શ્રી મોદી બાદમા દાહોદ જશે અને ત્યાં ભારતીય રેલવેના ૯૦૦૦ હોર્ષ પાવરના એન્જીનના નિર્માણના ડિઝલ લોકોમેટીવ પ્લાંટ ખુલ્લો મુકશે.

શ્રી મોદી આ ઉપરાંત રાજકોટ ડિવિઝનના છ ઉપરાંત રેલવેની અન્ય સુવિધાઓનું પણ વર્ચ્યુઅલ લોકાર્પણ કરાશે. શ્રી મોદીના કાર્યકાળ માટે તમામ તૈયારીઓ થઈ રહી છે.

૩૦૦૦ પોલીસ કર્મીઓ તૈનાત, ૩૫ થી વધુ જેસીબીઓનો ખડકલો

# અમદાવાદમાં ચંડોળા તળાવ વિસ્તારમાં બીજા તબક્કાનું ડિમોલીશન : હજારો મકાનો તોડી પડાયા

**બીજા તબક્કાનું ઓપરેશન ચાર દિ'માં પુરૂ કરી કમ્પાઉન્ડ વોલ બનાવાશેઃ જે લોકો ૨૦૧૦ પહેલા રહેતા હોય તેમને શરતોને આધીન ઈડબલ્યુએસ આવાસ યોજનાના મળવાપાત્ર મકાન મળશે**

અમદાવાદ તા.૨૦

અહીંના ચંડોળા તળાવ વિસ્તારમાં આજે બીજા તબકકાની ડિમોલીશનની કામગીરી શરૂ થઈ હતી. આજે વહેલી સવારે શરૂ થયેલી ડિમોલીશનની કાર્યવાહી દરમ્યાન માત્ર ૨ કલાકમાં જ ૧ હજારથી વધુ મકાનો તોડી પડાયા હતા.

આ ડિમોલીશન દરમ્યાન ત્રણ હજારથી વધુ પોલીસ કર્મીઓ તૈનાત હતા ચાર દિવસ સુધી આ દબાણ હટાવ કામગીરી અહીં આવશે. કાર્યવાહી પુરી થાય બાદ બાઉન્ડ્રી વોલ બનાવવામાં આવશે. ડિમોલીશન કાર્યવાહી પૂર્વે ગઈકાલે રાત્રે લોકો છેલ્લી કલાકોમાં પોતાના ઘરો અંધારામાં ખાલી કરતા જોવા મળ્યા હતા.



એએમસીએ સોમવારે બપોરે જ વિસ્તારમાં માઈક ફેરવી લોકોને પોતાના ઘર ખાલી કરી દેવાની ચેતવણી આપી હતી. જેથી મોડી સાંજે અને રાત્રીએ લોકો ઘરમાંથી પોતાનો સામાન કાઢી વાહનમાં નાખી લઈ જતા જોવા મળ્યા હતા.

તો બીજી બાજુ ડિમોલીશન પહેલા જ અહી જેસીબી વાહનોની કતાર લાગી હતી. ચંડોળા ડિમોલીશન ફેઝ-૨ ની કામગીરી માટે ૩ હજાર પોલીસ ઓફીસર અને કર્મચારીઓનો બંદોબસ્ત ફાળવવામાં આવ્યો છે.

આ ઉપરાંત ૨૫ એસઆરપી કંપની પણ આ બંદોબસ્તમાં જોડાશે. આ સાથે જ ડ્રોનનો ઉપયોગ કરશે અસરગ્રસ્તો માટે એએમટીએસની બસો અને મેડીકલ ટીમો પણ તૈનાત કરવામાં આવી હતી.

આ મામલે વધુમાં માહીતી મુજબ જે લોકો, વર્ષ ૨૦૧૦ પહેલા ચંડોળા તળાવ વિસ્તારમાં રહેતા હોય તેઓને શરતને આધિન ઈડબલ્યુએલ આવાસ ફાળવવામાં આવશે. અસરગ્રસ્ત લોકોએ દાણી લીમડા ખાતે આવેલી વોર્ડ ઓફીસથી પોતાના ફોટા મેળવી લેવાની જાહેરાત કરાઈ છે.

# મુખ્યમંત્રી કાર્યાલયમાં સેક્રેટરી તરીકે આઇએએસ અધિકારી વિક્રાંત પાંડેની નિયુક્તિ : અવંતિકા સિંઘને એડીશ્નલ પ્રિન્સીપલ સેક્રેટરીનું પ્રમોશન

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૦

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઓફિસમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યા છે, હાલ દિલ્હીમાં ડેપ્યુટેશન પર રહેલા આઈએએસ અધિકારી વિક્રાંત પાંડેની મુખ્યમંત્રી કાર્યાલયમાં નિયુકિત કરવામાં આવી છે અને ૨૦૦૫ બેચના આ અધિકારી ફરી એક વખત ગુજરાતમાં સેવા આપશે.



જયારે તેમના સીનીયર અને ૨૦૦૩ના બેચના આઈએએસ અધિકારી અવંતિકા સિંઘ કે જે હાલ સીએમઓમાં સેક્રેટરી તરીકે ફરજ બજાવી રહ્યા છે તેમને એડીશ્નલ ચીફ સેક્રેટરી ટુ ધ ચીફ મીનીસ્ટરના પદ પર મુકવામાં આવ્યા છે. આમ તેઓ પણ સીએમઓમાં કામ કરતા રહેશે.

ગુજરાતમાં છેલ્લા એક દાયકામાં મધમાખી પાલન કરતા ખેડૂતોની સંખ્યા વધી

# મધમાખી પાલનનો વ્યાપ વધતા ગુજરાતમાં 'મધુક્રાંતિ' મીઠી શરૂઆત



**મધમાખી પાલન વ્યવસાયનો ખર્ચ ઓછો અને નફો વધુ હોવાથી ખેડૂતોને મધના ઉત્પાદનથી સારી આવક પણ મળે છે. પરિણામે ખેડૂતોને મધ અને સારા બાગાયતી ઉત્પાદનનો બમણો લાભ મળે છે.**

ગાંધીનગર, તા.૨૦

નાગરિકોના સ્વાસ્થ્યની જાળવણી અને સજીવ સૃષ્ટિમાં મધમાખીઓ તેમજ અન્ય પરાગરજકોના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે દર વર્ષે તા. ૨૦મી મેના દિવસને વિશ્વ મધમાખી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાનો જે સંકલ્પ કર્યો છે, તેમાં મધમાખી પાલનનો વ્યવસાય બમણું યોગદાન આપીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. ગુજરાતમાં મધમાખી પાલન વ્યવસાય ખેડૂતોની સમૃદ્ધિના નવા દ્વાર ખોલી રહ્યો છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે કહ્યું હતું કે, આજે ખેડૂતો ખેતીની સાથે પૂરક વ્યવસાય તરીકે મધમાખી પાલનને અપનાવી રહ્યા છે. ગુજરાતમાં છેલ્લા એક દાયકામાં મધમાખી પાલન કરતા ખેડૂતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના 'મન કી બાત' કાર્યક્રમમાં 'મધુક્રાંતિ'નો ઉલ્લેખ કરીને ખેડૂતોને મધમાખી પાલનનો વ્યવસાય અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. મધમાખી પાલનનો વ્યાપ વધતા ગુજરાતમાં ×મધુક્રાંતિ×ની મીઠી શરૂઆત થઈ છે.

મધમાખીઓ બાગાયતી પાકોના ઉત્પાદનમાં પરાગનયનની મહત્વપૂર્ણ પ્રક્રિયામાં ખૂબ જ મદદરૂપ થાય છે. તે છોડના પરાગ કણોને એક છોડમાંથી બીજા છોડમાં લઈ જવામાં મદદ કરે છે, જેના પરિણામે બાગાયતી પાકોનું ઉત્પાદન વધે છે.

આ ઉપરાંત, મધમાખી પાલન વ્યવસાયનો ખર્ચ ઓછો અને નફો વધુ હોવાથી ખેડૂતોને મધના ઉત્પાદનથી સારી આવક પણ મળે છે. પરિણામે ખેડૂતોને મધ અને સારા બાગાયતી ઉત્પાદનનો બમણો લાભ મળે છે.

# સંતતિ અને સંપત્તિએ ભાગવત કૃપાનું ફળ નથી, તે તો પ્રારબ્ધનું ફળ છે.



યશપાલસિંહ ટી.વાઘેલા

દરબાર ગઢ થરા

મહા મહિનાનું માવઠું નહી મે-૨૫ મહિનાનું માવઠું વાવાઝોડું ધરતી પુત્રો પશુપાલકોને હચમચાવી રહયું છે.કુદરતી કહેર અટકવાનું નામ લેતું નથી ત્યારે આ કુદરતી કહેરનો બીજો રાઉન્ડ ટૂંક સમય માં શક્તિ વાવાઝોડાના નામથી ત્રાટકશે તેવી શક્યતા છે આવા સંજોગોમાં ખેડૂતો પશુપાલકો સજાગ થાય સરકાર જ સહાય કરે તેવી બહુ આશા રાખવી નહીં સરકાર ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી પરિસ્થિતિમાં છે. શસ્ત્રો ખરીદવા બધું ધ્યાન છે.. સરકાર બિચારી મંત્રી આગેવાનો કાર્યકરો અને તેમના પરિવારને સાચવવામાં એકાગ્ર છે બીજી બાજુ કોરોનાનો નવો વેરિયન્ટ હોંગકોંગ સિંગાપોર થાઈલેન્ડમાં પાછો આવ્યો છે ત્યારે ભારત સહિતના અનેક દેશોમાં ભયનું મોજું ફરી વળ્યું છે જે બાબતે સજાગતા જરૂરી છે. આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો તુલસીદાસ જીએ કહ્યું છે કે,મારા જેવા કામી ને મારો કહેતાં રામજીને શરમ આવે છે,પણ હું તો આપ રાજાધિરાજનાં આંગણા માં બેઠેલો કૂતરો છું.તુલસી કૂત્તા રામકા!મેં તમારો પટ્ટો ગળામાં રાખ્યો છે.હું કૂતરો છું પણ રામજીનો છું.હું પાપી છું પણ તમારો છું.

ભોગમાં સંતોષ માનજો, પણ ભગવાનના ભજનમાં કોઈ દિવસ સંતોષ માનશો નહીં.ભક્તિમાં સંતોષ માને એ પ્રભુના માર્ગમાં આગળ વધી શકતો નથી. ભક્તિ એવી કરો કે,ભગવાનને તમારું સ્મરણ થાય, ભગવાન તમને યાદ કરે.ઉદ્ધવજી કહે છે, વિદુરજી, તમે ભાગ્યશાળી છો.ભગવાને એક વખત નહીં, પણ ત્રણ વખત તમને યાદ કરેલા. ભગવાને તમારા માટે મૈત્રેયજીને ખાસ આજ્ઞા કરી છે કે, મારો વિદુર તમને મળે ત્યારે આ ભાગવતધર્મનું જ્ઞાન તેને આપજો.

આ વાત વિદુરજીએ સાંભળી ત્યારે વિદુરજી મૈત્રેયઋષિના આશ્રમમાં જવા નીકળ્યા. યમુના જીએ કૃપા કરી વિદુરજીને ભક્તિ નું દાન કર્યું. યમુનાજીએ નવધા ભક્તિ આપી, પણ જ્ઞાન- વૈરાગ્ય વગર ભક્તિ થતી નથી. જ્ઞાન- વૈરાગ્યનું દાન ગંગાજી કરે છે. વિદુરજી ગંગાકિનારે મૈત્રેયઋષિ ના આશ્રમમાં આવે છે. ગંગાજીનો બહુ મોટો મહિમા છે.

વિદુરજીએ ગંગાજીમાં સ્નાન કર્યું. વિદુરજી વિચારે છેકે,ગંગા કિનારા ના આ પથ્થર ભાગ્યશાળી છે. મૈત્રેયઋષિ જેવાનાં ચરણ આ પથ્થર ઉપર પડતાં હશે આ પથ્થરો ઉપર વૈષ્ણવોની ચરણની રજ પડે છે.મૈત્રેયઋષિ મને ઉપદેશ આપશે કે નહીં. ભલે હું જાતિહીન છું,પણ હું કર્મહીન નથી.હું પાપી છું, અધર્મી છું પણ પરમાત્માએ મને અપનાવ્યો છે. એટલે જરૂર મૈત્રેયઋષિ મને આપશે.

ભક્તિમાર્ગ એક જ કારણથીશ્રેષ્ઠ છેકે,જ્યાં સુધી પરમાત્માનુંપ્રત્યક્ષ મિલન ન થાય ત્યાં સુધી ભકત એમ જ માને છે કે, પરમાત્માનું મિલન થતું નથી તેમાં મારો જ દોષ છે. ભક્તિમાં દૈન્ય આવે છે. જ્ઞાનમાર્ગમાં યોગી બ્રહ્મ રૂપ થવા લાગે છે અને ત્યારે કેટલાકમાં અભિમાન આવે છે અને તે પડે છે. આશ્રમમાં આવી વિદુરજી મૈત્રેયજીને સાષ્ટાંગ પ્રણામ કરે છે.મૈત્રેય ઋષિ કહે છે વિદુરજી,હું તમને ઓળખું છું.તમે કાંઈ સાધા રણ મનુષ્ય નથી.તમે યમરાજાનો અવતાર છો.માંડવ્ય ઋષિના શ્રાપથી તમારો આ દાસી પુત્ર તરીકે શૂદ્રને ઘરે જન્મ થયોછે

એક વખત કેટલાક ચોરો ખજાના માંથી ચોરી કરી નાસવા લાગ્યા. રાજાના સેવકો ચોરોને પકડવા તેમની પાછળ પડ્યા.ચોરો ગભરાયા રસ્તામાં માંડવ્યઋષિનો આશ્રમ આવ્યો. ચોરોએ તેમની પાસે જેસઘળું ધન,ઝવેરાત હતું તે માંડવ્યઋષિના આશ્રમમાં ફેંકી તેઓ નાસી ગયા પાછળથી રાજા ના સૈનિકો આશ્રમમાં આવી પહોંચ્યાં આશ્રમમાં રાજ ખજાના નું સઘળું ઝવેરાત જોઈ તેઓએ માન્યું કે,આ ચોરી માંડવ્ય ઋષિ એ જ કરી છે. તેઓ એ માંડવ્ય ઋષિને પકડયા. સઘળાં ઝવેરાત સાથે રાજા સમક્ષ માંડવ્ય ઋષિને ખડા કરવામાં આવ્યા. રાજાએ તેમને શૂળી પર ચઢાવવાની સજા કરી. માંડવ્યઋષિને શૂળી પર ચઢાવવામાં આવ્યા. માંડવ્યઋષિ શૂળી ઉપર મંત્રનો જપ કરે છે. માંડવ્યઋષિ મૃત્યુ પામતા નથી. હવે રાજા ગભરાયો.ઋષિને શૂળી ઉપરથી નીચે ઉતરાવ્યા. સઘળી હકીકત જાણી રાજાને દુઃખ થયું, માફી માગી.

માંડવ્યઋષિ કહે છે, રાજન, તને ક્ષમા આપીશ પણ હું યમરાજાને પૂછું આવું કે મને શા માટે સજા કરાવી? મેં કોઈ પાપ કર્યું નથી.હું યમરાજ ન્યાયાધીશને આજે સજા કરીશ.પોતાના ચારિત્ર્ય ઉપર કેવો દઢ વિશ્વાસ! ભરત ખંડનો પવિત્ર બ્રાહ્મણ આજે યમરાજ ન્યાયાધીશનો જવાબ માગવા જાય છે.

માંડવ્યઋષિ યમરાજના દરબાર માં આવ્યા. આવીને યમરાજને પૂછે છે,મેં બિલકુલ પાપ કર્યું નથી. તો મને શા માટે શૂળીએ ચઢાવ્યો.શૂળ ઉપર ચઢાવવાની સજા મને મારા કયા પાપ અંગે કરવામાં આવી?

યમરાજા ગભરાય છે.યમરાજાએ વિચાર્યું કે,ભૂલ થઈ એમ કહીશ તો શ્રાપ આપશે.એટલે કહેકે, તમે ત્રણ વર્ષના હતા ત્યારે તમે એક પતંગિયાને કાંટો ભોકેલો,તેની તમને આ સજા કરવામાં આવીછે

પાપ જાણીને કરો કે અજાણતાં, પાપની સજા જરૂર ભોગવવી પડે છે.ભગવાન પાપ લેતા નથી. પુણ્ય ભોગવવાની ઈચ્છા ન કરો તો ચાલે પણ પાપ તો ભોગવવું જ પડશે. પુણ્ય શ્રીકૃષ્ણાર્પણ થઈ શકે છે. પાપ શ્રીકૃષ્ણાર્પણ થઈ શકતું નથી પાપ તો ભોગવે જ છૂટકો.ભોગવ્યા વગર પાપનો નાશ થતો નથી.

લોકો સાંજે દુકાનેથી ઘરે જતી વખતે મંદિરમાં જાય છે.ભગવાન ને હાથ જોડી કહે છે,આખા દિવસમાં જે જૂઠું બોલ્યો, લોકોને છેતર્યો, જે કાળાં ધોળાં કર્યાં હોય તે બધું હે નાથ,હું તમને અર્પણ કરું છું.પણ ભગવાન પાપ લેતા નથી. સામાન્ય સરકાર પણ કોઈને સજા કરવામાં આવી હોય, તે સજા પરત લેતી નથી. ભગવાન કહે છે,કેવો મૂર્ખ છે?મને પાપ અર્પણ કરવા આવ્યો છે. પરમાત્મા ને હંમેશા પુણ્ય અર્પણ કરજો. પાપ હું ભોગવીશ અને પુણ્ય ઠાકોરજીને અર્પણ કરીશ, એમ કહો.

ઠાકોરજીને ઉત્તમમાં ઉત્તમ વસ્તુ અર્પણ કરવી જોઈએ. એનું નામ ભક્તિ. ભગવાનને પુણ્ય અર્પણ કરવાં જોઈએ.

માંડવ્યઋષિએ યમરાજાને કહ્યું, શાસ્ત્રમાં એવી આજ્ઞા છે કે, કોઈ મનુષ્ય અજ્ઞાનાવસ્થામાં કાંઈ પાપ કરે તો તેની સજા તેને સ્વપ્ર માં કરવામાં આવે છે.હું બાળક હતો ત્યારે અજ્ઞાન હતો એટલે તે વખતે કરેલાં કૃત્યની સજા તમારે મને સ્વપ્રાવસ્થામાં જ કરવી જોઈતી હતી.માટે તમે મને ગેર વ્યાજબી પણે સજા કરી છે, તેથી હું તમને શ્રાપ આપું છુંકે,જા,શૂદ્ર યોનિમાં તમારો જન્મ થશે.

આ પ્રમાણેના માંડવ્યઋષિના શ્રાપ થી યમરાજા વિદુર તરીકે દાસીને ઘરે જન્મ્યા.દેવની ભૂલ થાય તો તે મનુષ્ય બને અને મનુષ્યની ભૂલ થાય.મનુષ્ય પાપ કરે તો ચાર પગ વાળો બને છે, પશુ બને છે.

વિદુરજી કહે છે કે,એકવાર મારી ભૂલ થઈ તો દેવનો મનુષ્ય બન્યો. હવે હું અસાવધ રહીશ તો પશુ બનીશ.

તે પછી વિદુરજી મૈત્રેયજીને કેટલાંક પ્રશ્નો પૂછે છેઃ ભગવાન અકર્તા હોવા છતાં કલ્પનાના આરંભમાં આ સૃષ્ટિની રચના તેમણે કેવી રીતે કરી? સંસારમાં સર્વલોક સુખ માટે પ્રયત્ન કરે છે. પણ ન તો એને સુખ મળે છે કે ન તો એનું દુઃખ દૂર થાય છે.આનો જવાબ મળે એવી કથા કહો તેમજ ભગવાનની લીલાઓનું વર્ણન કરો.

મૈત્રેયજીએ કહ્યું,સૃષ્ટિની ઉત્પત્તિ ની કથા ભાગવતમાં વારંવાર આવે છે.તત્ત્વ દષ્ટિથી જગત ખોટું છે તેથી તેનો વિચાર સાધુઓએ બહુ કર્યો નથી પણ આ સૃષ્ટિના બનાવનારનો વારંવાર વિચાર કર્યો છે.

પરમાત્માને માયાનો સ્પર્શ થયો એટલે સંકલ્પ થયો,હું એકનો અનેક થાઉં, પુરુષમાંથી પ્રકૃતિ, પ્રકૃતિમાંથી મહત્વ, મહત્વમાંથી અહંકાર.અહંકારના ચાર પ્રકાર છે પંચતન્માત્રાથી પાંચ મહાભૂતો ની ઉત્પત્તિ થઈ પણએ તત્ત્વો ક્રિયા કરી શકતાં નથી એટલે ઈશ્વરે એકએક વસ્તુમાં પ્રવેશ કર્યો ઉપ નિષદમાં કહ્યું છે,એક- એક વસ્તુ માં પ્રભુએ પ્રવેશ કર્યો છે એટલે જગત પરમાત્માનું મંગલમય સ્વરૂપ છે. ભગવાનની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું. તેમાંથી બ્રહ્મા પ્રગટ્યા બ્રહ્માજીએ કમળનું મુખ શોધવા પ્રયત્ન કર્યો. ત્યાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં.

સંતતિ અને સંપત્તિએ ભાગવત કૃપાનું ફળ નથી, તે તો પ્રારબ્ધનું ફળ છે. ભગવાન જેના ઉપર કૃપા કરે છે તેનું મન શુદ્ધ થાય છે.મન શુદ્ધિ વગર ઈશ્વર દર્શન થતું નથી. ઈશ્વર દર્શન વિના જીવન સફળ થતું નથી. પછી બ્રહ્માજીએ સૃષ્ટિ નિર્માણ કરી.પ્રથમ સ્વયંભુ મનુ અને શતરૂપા રાણી થયાં.તે વખતે ધરતી રસાતળમાં ડૂબી ગઈ હતી. બ્રહ્માએ વિચાર્યુંકે પ્રજાનું નિર્માણ કરીશ,પણ પ્રજાને રાખીશ ક્યાં?ત્યાં નાસિકામાંથી વરાહ ભગવાન પ્રગટ થયા. વરાહ ભગવાન પૃથ્વી બહાર કાઢેછે.રસ્તામાં હિરણ્યાક્ષ મળ્યો,તેને માર્યો અને પૃથ્વીનું રાજ મનુ મહારાજને અર્પણ કરી ભગવાન સ્વધામમાં પધાર્યા.

વિદુરજીએ કહ્યું,આપે બહુ સંક્ષેપ માં કથા સંભળાવી.હવે આ કથા નું રહસ્ય કહો.આ હિરણ્યાક્ષ કોણ હતો?ધરતી રસાતળમાં કેમ ડૂબી હતી?વરાહ નારાયણનું ચરિત્ર મને સંભળાવો. મૈત્રેયજી વિદુરજી અને શુકદેવજી પરીક્ષિત ને આ કથા સંભળાવે છે.

કશ્યપઋષિનાં ધર્મપત્ની દિતિ એક દિવસ સાયંકાળે શણગાર સજી કશ્યપઋષિ પાસે આવ્યાં. કશ્યપ કહેછે,દેવી,આ સાયંકાળ નો સમય છે.મન સંયમમાં રાખો. શાસ્ત્રમાં કહ્યું છે કે, સૌભાગ્યવતી સ્ત્રીમાં લક્ષ્મીનો અંશ છે, સાયંકાળે લક્ષ્મીનારાયણ ઘરે આવે છે.તે વખતે ઘર બંધ હશેતો લક્ષ્મીજી પણ જયશ્રીકૃષ્ણ કહી ને ચાલ્યા જશે. સુધરેલા લોકો સાયંકાળે ઘરને તાળું મારીનીકળી પડે છે. ફરવા જવું હોય તો જજો પણ સૂર્યાસ્ત સમયે ઘરે પાછા આવી જજો.સ્ત્રીઓએ સાંજપડે ત્યારે ઘર બહાર ભટકવા જવું ન જોઈએ.સંધ્યા સમયે તુલસીની પૂજા કરો.તુલસી ક્યારે દીવો કરો ભગવાનની આગળ ધૂપ-દીપ કરો.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.



## સરહદી સીમાની સુરક્ષા હવે વધુ મજબૂત : બનાસકાંઠાના સરહદી ગામો સાયરન સિસ્ટમથી સજ્જ

# સરહદી ગામોની સુરક્ષા માટે સાયરન સિસ્ટમ મહત્વપૂર્ણ પગલું : જિલ્લા કલેક્ટર મિહિર પટેલ

**સરહદી વાવ-સુઈગામ તાલુકાના તમામ ૧૨૨ ગામો સાયરન એલર્ટ સિસ્ટમથી સજ્જ કરાયા : રાજ્ય સરકારના પ્રયાસોને નાગરિકોનું સમર્થન**

**અફવાઓથી અમે ડરતા હતા પરંતુ રાજ્ય સરકારે અમારી સુરક્ષા સુનિશ્ચિત કરી : સરહદી વિસ્તાર બોરુ ગામના નાગરિક જગદીશભાઈ**

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૦

બનાસકાંઠા જિલ્લાના ભારત-પાકિસ્તાન સરહદ નજીક આવેલા ગામોમાં સુરક્ષા વધુ સુનિશ્ચિત કરાઈ છે. રાજ્ય સરકાર અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરહદી વિસ્તારના નાગરિકોની સલામતી માટે વિશેષ વ્યવસ્થા ઉભી કરાઈ છે. રાજ્ય સરકારના નિર્દેશોના પગલે બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરહદી ગામોમાં આધુનિક સાયરન એલર્ટ સિસ્ટમ સ્થાપિત કરાઈ છે, જેનાથી ગામ લોકોની સુરક્ષા વધુ મજબૂત બની છે.





(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલએ જણાવ્યું કે, તાજેતરની પરિસ્થિતિઓને ધ્યાને લઈને વાવ અને સુઈગામ તાલુકાના આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા ગામડાઓમાં સિવિલ ડિફેન્સ સાયરન સિસ્ટમ લગાવામાં આવી હતી. આ સાયરન સાડા ત્રણ કિલોમીટરની રેન્જ ધરાવે છે. શરૂઆતમાં વાવ - સૂઈગામના સરહદી વિસ્તાર ધરાવતા ૨૨ ગામોમાં સાયરન સિસ્ટમ સ્થાપિત કરાઈ હતી. જ્યારે હવે વાવ - સુઈગામના તમામ ૧૨૨ ગામોમાં સાયરન સિસ્ટમ સ્થાપિત કરાઈ છે. વાવના ૪૩ જ્યારે સુઈગામના ૭૯ ગામોમાં ગ્રામ પંચાયત, ડેરી, શાળા વગેરે સ્થળોએ સાયરન સિસ્ટમ સ્થાપિત કરાઈ છે. કોઈપણ પરિસ્થિત ઊભી થાય તો આગમચેતીના ભાગરૂપે જિલ્લાના પોલીસ સ્ટેશન ખાતે પણ સાયરનની વ્યવસ્થા ઉભી કરાઈ છે. આ સાથે તમામ તાલુકાઓના હેડક્વાર્ટર ખાતે આઠ કિલોમીટરની રેન્જ ધરાવતા સાયરન લગાવવાની કામગીરી પ્રગતિમાં છે. નાગરિકોને અગાઉથી ચેતવણી આપવા માટે સાયરન ઈન્સ્ટોલ કરાયા છે. સુઈગામ પ્રાંત અધિકારીશ્રી ડૉ.અરવિંદ કુમાર પ્રજાપતિએ જણાવ્યું કે, સરહદી વિસ્તારમાં સાયરન સિસ્ટમ અગત્યનો ભાગ ભજવે છે. વાવ સુઈગામ વિસ્તારના તમામ ગામોમાં સાયરન સિસ્ટમ લગાવતા હવે નાગરિકોની સુરક્ષા વધુ મજબૂત કરી શકાઈ છે. જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ સાયરન માટે મોક ડ્રીલ અને તાલીમનું પણ આયોજન કરાયું હતું. તત્કાલિક નાગરિક પ્રતિભાવ માટે સાયરન સિસ્ટમ અગત્યનો ભાગ ભજવે છે. સરહદી વિસ્તારના લોકો કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે વેલ ટ્રેઈન બન્યા છે. નવી ટેકનોલોજી થકી છેવાડાના સરહદી તાલુકાના નાગરિકોની ચિંતા કરવા બદલ તેઓ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો નાગરિકો વતી આભાર વ્યક્ત કરે છે.

સરહદી વિસ્તાર દુધાસણ ગામના ગૌસ્વામી ગૌતમપુરી જણાવે છે કે, મારું ગામ આંતરરાષ્ટ્રીય સરહદ નજીક આવેલું ગામ છે. અમારા ગામમાં સરકારશ્રી દ્વારા સાયરન સિસ્ટમ લગાવામાં આવી છે. જ્યારે પણ સાયરન વાગે ત્યારે અમે સાવચેત થઈ જઈએ છીએ તથા ગામની વીજળીની લાઈટ બંધ કરીએ છીએ. તેઓ રાજ્ય સરકાર, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કરે છે.

દુધાસણ ગામના ઠાકોર રક્ષીસભાઈ જણાવે છે કે, પાકિસ્તાન સરહદે આવેલા અમારા ગામમાં અફવાઓ ફેલાતી હતી તેનાથી અમે લોકો ડરતા હતા પરંતુ રાજ્ય સરકારએ અમારા ગામમાં સાયરન સિસ્ટમ લગાવી છે જેનાથી અમોને વધુ સુરક્ષાઓ પ્રદાન થઈ છે. તેઓ રાજ્ય સરકાર અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરે છે.

સરહદી વિસ્તાર બોરુ ગામના જગદીશભાઈએ જણાવ્યું કે, તાજેતરમાં તંગદિલી પરિસ્થિતિમાં સોશિયલ મીડિયામાં ચાલતી વિવિધ અફવાઓથી અમે ડરતા હતા પરંતુ રાજ્ય સરકારે અમારી સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ગામમાં સાયરન સિસ્ટમ લગાવી છે. હવે અમે સુરક્ષિત સ્થળોએ તત્કાલિક પહોંચી શકીશું. તેઓ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરે છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારશ્રી તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરહદી વિસ્તારોમાં શાંતિ, સુરક્ષા અને વિકાસ એકસાથે આગળ વધે તે માટે અનેક પગલાં લીધા છે. રાજ્ય સરકારે સરહદી વિસ્તારના નાગરિકોની ચિંતા કરીને સાયરન સિસ્ટમ સ્થાપિત કરતા નાગરિકો વધુ સુરક્ષિત બન્યા છે. આ સિસ્ટમ થકી કોઈપણ આપત્તિ કે અચાનક હુમલાની સ્થિતિમાં તરત જ ગામ લોકોને એલર્ટ કરી શકાય છે. સાયરનના અવાજથી લોકો તરત જ સલામત સ્થળે પહોંચવાનું શરૂ કરી શકે છે, જે તેમનું જીવન બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

---

## પશુ આરોગ્ય સારવાર કેમ્પમાં ૫૧૨ જેટલા પશુઓની નિશુલ્ક સારવાર કરવામાં આવી

# કડીના પાંચ ગામોમાં પશુ આરોગ્ય મેળા અભિયાન અંતર્ગત પશુ આરોગ્ય સારવાર કેમ્પ યોજવામાં આવ્યો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા નાયબ પશુપાલન નિયામકશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે પશુપાલન ખાતું, ગુજરાત રાજ્ય ગાંધીનગર અને જિલ્લા પંચાયત મહેસાણા દ્વારા માહે- મે ૨૦૨૫ માં ગત તારીખ: ૧૨/૦૫/૨૦૨૫ થી તારીખ: ૧૭/૦૫/૨૦૨૫ દરમિયાન કડી તાલુકાના પાંચ ગામોમાં પશુ આરોગ્ય મેળા અભિયાન અંતર્ગત પશુ આરોગ્ય સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો.

આ કેમ્પમાં ડાંગરવા, નાડોલિયા, અમરપરા, ઢોરીયા અને જાલોડા ગામમાં પશુપાલકોના પશુઓમાં રોગ નિદાન કરી ગાયનેક, મેડિકલ, સર્જિકલ અને કૃમિ નિવારણ મળી કુલ ૫૧૨ જેટલા પશુઓની નિશુલ્ક સારવાર કરવામાં આવી હતી.

---

## ભારતીય સેનાના શૌર્યને તિરંગા યાત્રાથી સન્માનતા કડીના નગરજનો

# પ્રભારી મંત્રી જગદીશ વિશ્વકર્મા ઓપરેશન સિંદૂરને વધાવવા કડીના કુંડાળમાં આયોજિત 'તિરંગા યાત્રા' રેલીમાં જોડાયા

**કડીના કુંડાળ ગામ ખાતે યોજાયેલ રેલીમાં ભારત માતાનો અવિરત જયઘોષ–હિંદની સેનાના પરાક્રમના પુષ્પોથી વધામણા**

(ગરવી તાકાત) કડી તા.૨૦

ભારતીય સેનાના અપ્રતિમ શૌર્ય અને પરાક્રમના પ્રતીક ઓપરેશન સિંદૂરને સન્માનિત કરવા પ્રભારી મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા કડી પાસે આવેલ કુંડાળ ગામમાં ભવ્ય તિરંગા યાત્રા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી દરમિયાન રાષ્ટ્રભક્તિના અનોખા દ્રશ્યો સર્જાયા હતાં.



(તસ્વીર-અહેવાલ : જૈમિન સથવારા, કડી)

પ્રભારી મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આ રેલીમાં સહભાગી થઈને યુવાનો અને ગ્રામજનોમાં રાષ્ટ્રપ્રેમનો સંચાર કર્યો હતો. શૌર્યવાન અને પરાક્રમી ભારતીય સેના દ્વારા પાકિસ્તાન પર કરાયેલી કાર્યવાહીને બિરદાવવા, ઓપરેશન સિંદૂરની સફળતાના ભાગરૂપે યોજાયેલી આ તિરંગા યાત્રામાં દેશભક્તિનો માહોલ ઠેર ઠેર જોવા મળ્યો હતો. કડી શહેરના યુવાનો, નાગરિકો સૌ કોઈ જોડાઈને દેશ માટેની ભાવના પ્રગટ કરી રહ્યા હતા. પ્રભારી મંત્રીશ્રીએ સમગ્ર રૂટ દરમિયાન ગ્રામજનોનું ઉષ્માભર્યું અભિવાદન ઝીલ્યું હતું.

કડી શહેર અને તાલુકાના આસપાસના ગામોના યુવાનોએ ઉત્સાહભેર આ 'તિરંગા યાત્રા' રેલીમાં ભાગ લીધો હતો.

સમગ્ર માર્ગ પર ભારત માતાના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું, અને ગ્રામજનોએ હિન્દની સેનાના વીરત્વને પુષ્પોથી વધાવી લીધું હતું.

આ ×તિરંગા યાત્રા× રેલીમાં લોકસભા સાંસદશ્રી હરિભાઈ પટેલ, અગ્રણી શ્રી ગિરીશભાઈ રાજગોર, ડિસ્ટ્રીક બેંકના ચેરમેન વિનોદભાઈ પટેલ, અગ્રણી સર્વે શ્રી જી.એફ. ચૌધરી, ભગાજી ઠાકોર, વર્ષાબેન દોશી, મહેશભાઈ પટેલ તેમજ પ્રતિનિધિઓ, યુવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ ભાગ લીધો હતો.

---

## ગાંધીનગર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વિદ્યાર્થીઓને કરાયેલ અન્યાય મામલે

# બહુજન મુક્તિ પાર્ટી દ્વારા રાજ્યપાલ, મુખ્યમંત્રી અને મુખ્ય સચિવને આવેદન આપીને રજૂઆત

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

છેલ્લા ત્રણ વર્ષથી વધુ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ શંકાના પરીઘમાં મૂકાઈ છે. જે આયોગ બંધારણીય હક્કોનું જતન કરવા માટે જઉભી કરવામાં આવેલ છે. છેલ્લા બે- ત્રણ વર્ષમાં આયોગ દ્વારા વિવિધ વર્ગ-૧ અને વર્ગ-૨ની પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. પરંતુ ખેદ સાથે કહેવુ પડે છેકે, વર્ગ- ૧ અને વર્ગ-૨ના વિવિધ જગ્યાઓના મૌખિક ઈન્ટરવ્યુમાં કોઈ ખાસ સમુદાયને લાભો પહોંચાડવા અને ઓબીસી- એસીસી- એસટીના સમુદાયના યુવાનોને નુકશાન પહોંચાડવા માટેના કારસો રચવામાં આવે છે. જેમ મૌખિક મુલાકાત સમયે તેઓને નુકશાન પહોંચાડી તેમની નિમણુંકથી વંચિત કરવામાં આવે છે.





લોક ચર્ચાઓ મુજબ વર્ગ- ૧ અને વર્ગ-૨ની રૂબરૂ મુલાકાતના પરિણામ જોતા જે યુવાનોના લેખિતમાંગુણ વધારે હોઈ પરંતુ રૂબરૂ મુલાકાતમાં તેઓને ખુબ જ ઓછા અને નહિવત ગુણ આપી નિમણુંકથી બહાર કરવા માટેનું એક સુનિયોજિત આયોજન મુજબનું કાવતરૂ ચાલી રહ્યું હોય તેમ જણાય છે. તો આ બાબતે આપની કક્ષાએ યોગ્ય તપાસ કરી અને બંધારણ સોંપેલ જવાબદારીનું યોગ્ય પાલન ન કરવામાં આવતું હોય જરૂરી યોગ્ય કાર્યવાહી થવા સારૂ આવેદનપત્રમાં જણાવવાનું આવ્યું હતું.

આવેદનપત્રમાં વધુમાં જણાવ્યા મુજબ જાહેર સેવા આયોગમાં એક પણ એસસી/એસટી/ઓબીસીના તજજ્ઞોને હાલમાં મૌખિક મુલાકાતમાં મુકવામાં આવેલ નથી. જે ભરતી નિયમોની વિરૂદ્ધ છે. જેથી આયોગમાં ચેરમેન અને તેમના બોર્ડના તજજ્ઞોની મનમાની થઈ રહી છે. જે બંધ થવી જોઈએ અને જે યુવાનોને નપાસ કરી નિમણુંક આપેલ નથી. નોકરીમાં રદ કરેલ છે. જેની તપાસ કરી યુવાનોની તરફેણમાં ન્યાય મળે તેવી મૌખિક મુલાકાત ફરી યોજી તેમની યોગ્યતા મુજબ નોકરી મળે તેવી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે.


---

## મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની સૂચનાથી કરાયેલી કાર્યવાહીમાં ગેરકાયદે ખનનનો પર્દાફાશ

# માણસાના અનોડીયા પાસેથી ગેરકાયદે માટી ખનનનો થયો પર્દાફાશ : ૧.૭૦ કરોડનો મુદામાલ જપ્ત કરાયો

(ગરવી તાકાત) માણસા તા.૨૦

ગાંધીનગર કલેક્ટર મેહુલ કે. દવેના માર્ગદર્શન હેઠળ ભૂસ્તર તંત્રની ટીમે માણસા તાલુકાના છેલ્લોવાસ-અનોડીયા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીના પટ્ટમાં આકસ્મિક દરોડો પાડ્યો. મદદનીશ ભુસ્તરશાસ્ત્રી પ્રણવ સિંહની સૂચનાથી કરવામાં આવેલી આ કાર્યવાહીમાં ગેરકાયદે ખનનનો પર્દાફાશ થયો.





રોયલ્ટી ઈન્સ્પેક્ટરની આગેવાનીમાં કરવામાં આવેલી રેડ દરમિયાન નદી પટ્ટ વિસ્તારમાં ભૂ માફિયાઓએ પાણીના વહેણમાં બનાવેલા ચીલામાં એક ડમ્પર ફસાયેલું મળી આવ્યું હતું. સ્થળ પર એક એસ્કેવેટર મશીનથી નદી કિનારે સાદી રેતીનું તાજું ખોદકામ થઈ રહ્યું હતું. આ ઉપરાંત ૫૦૦ મીટર દૂર બે JCB મશીન પણ મળી આવ્યા.તપાસમાં જાણવા મળ્યું કે આ મશીનરી દ્વારા સાદી રેતી અને માટીનું ગેરકાયદે ખનન અને હેરાફેરી થઈ રહી હતી.ભૂસ્તર તંત્રે કુલ ૧.૭૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો. ડમ્પર અને મશીનના માલિકો સામે ગુજરાત મિનરલ નિયમો-૨૦૧૭ હેઠળ દંડકીય કાર્યવાહી કરવામાં આવશે.ગ્રામજનોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદે ખનન થઈ રહ્યું હોવા છતાં સ્થાનિક પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. ભૂસ્તર તંત્ર દ્વારા ખનન થયેલા વિસ્તારની માપણીની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

---

# સંક્ષિપ્ત સમાચાર

## વિજયનગર ના ચિઠોડા ગામે ત્રિરંગા યાત્રા યોજાઈ : મોટી સંખ્યામાં નાગરીકો જોડાયા



(ગરવી તાકાત) વિજયનગર તા.૨૦

ભારતની સેના દ્વારા પાકિસ્તાનના આંતકવાદીઓ સામે સિંદૂર ઓપરેશનની સફળતાને પગલે વિજયનગર તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા તિરંગા યાત્રાનું આયોજન ચિઠોડા ત્રણ રસ્તા થી ગામના મંદિર સુધી કરાયુ હતું આ તિરંગા યાત્રામાં , તાલુકા સંગઠન મંડલ પ્રમુખ ડૉ. પરેશ પટેલ,જિલ્લા સદસ્ય અને મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેન લીના બેન નિનામા, તાલુકા મહામંત્રી કિરીટ ભાઈ સડાત, પૂર્વ.પ્રમુખ મયુર શાહ,સરપંચ આર. ડી. પટેલ, ગુજરાત હાઈકોર્ટ નિવૃત સરકારી વકીલ લક્ષમસિંહ નિનામા, જિલ્લા પૂર્વ મહામંત્રી નટવરસિંહ ભાટી, APMC ચેરમેન પનાભાઈ રબારી,દિનેશભાઈ ધોબી તેમજ ૧૯૬૫અને ૧૯૭૧માં યુદ્ધ લડેલા સૈનિકો અને અન્ય ગામલોકો સહિત ત્રિરંગા યાત્રામાં રાષ્ટ્રધ્વજ સાથે જોડાયા હતા.

## ઇડર ટાઉન હોલ ખાતે અટલ ભુજલ યોજના અંતર્ગત 'કેચ ધ રેન' અને 'ટ્રી પ્લાટેશન' કેમ્પેનના ભાગરૂપે વર્કશોપ યોજાયો



(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૦

સાબરકાંઠા જીલ્લામા ઇડર ટાઉન હોલ ખાતે ધારાસભ્યશ્રી રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને અટલ ભૂજલ યોજના અંતર્ગત કેચ ધ રેન અને ટ્રી પ્લાન્ટેશનનું એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. આવનારા દિવસોમાં નકકર આયોજન કરી સાચા અર્થમાં જળસંચય અને વૃક્ષારોપણનું ચોક્કસ આયોજન કરી તેની સાર સંભાળ અને સફળતા મળે તે આશયથી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં અટલ ભૂજલ યોજના દ્વારા છેલ્લા ચાર વર્ષમાં થયેલ કામગીરી અને ઈડર અને વડાલીમાં ભૂગર્ભ જળની અત્યારની વાસ્તવિક પરિસ્થિતિની જાણકારી આપવામાં આવી હતી. ભવિષ્યમાં જળ સંચય અને વૃક્ષારોપણ માટેનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. ઈડર તાલુકાના ૩૦ કરતાં વધારે પ્રકૃતિ પ્રેમીઓને શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ વર્કશોપમાં તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઈ પટેલ,પાંજરાપોળ સંસ્થાનાપ્રમુખ પી.સી પટેલ, ઈડર કોલેજ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, કેમ્પેનના આયોજક સતિષભાઈ પટેલ,વિવિધ અગ્રણીઓ સહિત ઈડર અને વડાલીના તમામ ગામોના સરપંચશ્રી ,દૂધમંડળી ચેરમેનશ્રી , સેવા મંડળી ચેરમેનશ્રી ,તેમજ આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્માના ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે CRP અને કૃષિ સખી તાલીમ યોજાઇ



(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૦

સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્માના ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં ખેડૂત મિત્રોને પ્રાકૃતિક ખેતી વિષય ઉપર માહિતી પુરી પાડવામાં આવી હતી. તેમજ પ્રાકૃતિક ખેતીની માનવ જીવનમાં અગત્યતા અને દેશી ગાયથી ખેતી થકી માનવ સ્વાસ્થ્ય ઉપર થતા ફાયદાઓ વિષે ખેડૂતોને માહિતી આપી હતી. ખેડૂતોએ પોતાના ઘર પુરતી શાકભાજી અને ધાન્ય પાકોની પ્રાકૃતિક ખેતી કરવાની બાહેંધરી આપી હતી. આ તાલીમમાં ખેડબ્રહ્મા, પોશીના, વડાલી, વિજયનગર તાલુકા સહિતનાં ખેડુતો હાજર રહ્યા હતા.

## જૂનાગઢમાં સાયબર પોલીસ સ્ટેશનનું ઈ-મેઈલ આઇડી હેક કરવામાં આવ્યું

જૂનાગઢ,તા.૨૦

જૂનાગઢમાં સાયબર પોલીસ સ્ટેશનનું ઈ-મેઈલ આઈડી હેક કરાતા સાયબર પોલીસે એકની ધરપકડ કરી છે. આરોપીની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ટેકનોલોજીમાં વિકાસ થતો જાય છે તેમ તેમ સાયબર ગુનાઓ વધતા જઈ રહ્યાં છે. ત્યારે આજે જૂનાગઢમાં સાયબર પોલીસ સ્ટેશનનું ઈ-મેઈલ આઈડી હેક કરવામાં આવ્યું છે. પોલીસ સ્ટેશનના આઈડી પરથી અલગ અલગ બેંકોને મેઈલ કરાયા હતા. ફ્રીઝ કરાયેલા બેક્ક એકાઉન્ટ અનફ્રીઝ કરવા મેઈલ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા ફ્રીઝ કરાયેલા ખાતાઓમાં લાખો રૂપિયા છે.

Volume : 11 Issue : 37 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002